Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Aug. 2020, Year - 7 (88)
www.researchreviewonline.com Paper ID : RRJ637835

# ગુજરાતના આદિવાસીઓમાં ગાંધીયુગ દરમિયાન સમાજ પરિવર્તનુ ઐતિહાસીક અધ્યયન

સંશોધક
ડૉ.દિવ્યા પટેલ
**Sheth Shree B. C. Shah Arts College, Vadali**

સમાજપરિવર્તનનો દેશ પ્રજાસમૂહને એક અવસ્થામાંથી વધુ ઉન્નત અવસ્થામાં લઈ જવાનો હોય છે. ગુજરાતના આદિવાસીઓમાં સામાજિક પરિવર્તનો જ્ઞાઈ આવે છે. આદિવાસીઓમાં પ્રચલિત કુરીવાજીને પારખી તેને નાબૂદ કરવાનો હતો. ઉદા. તરીકે ઉદાળ લગ્ન(આદિવાસીઓમાં કન્યાને ભગાડીને લગ્ન કરવા, દારૂનું ચાલ, ચોરી-ડતી, મેલાં આચાર-વિચાર, શારીરિક સ્વચ્છતાનો અભાવ, વેઠપ્રથા વગેરે. ઉપરોક્ત દૂષણોની સામે ચળવળના પ્રણેતાઓએ અનૌપચારિક માળખું તૈયાર કર્યું. હતું. તેમની લાંબા સમયની કાર્યયોજનાને પરિણામે તેના આશાસ્પદ પરિણામો પણ પ્રાપ્ત થયા હતા. દારૂ, ઉદાળ લગ્ન, માંસાહાર, વેઠપ્રથા, સંસ્કૃતીકરણ વગેરે બાબતોમાં તેઓ સારા પરિણામો પ્રાપ્ત કરી શક્યા હતા. ઉદા. તરીકે ભગત ચળવળ, દેવી ચળવળ અને ગાંધીવાદી પ્રવૃત્તિઓમાં દારૂબંધીનો વિચાર મુખ્ય હતો. તેમની સતત પ્રચાર પ્રવૃત્તિઓને પરિણામે તેઓ આદિવાસીઓ માટે દારૂને અનૈતિક ચીજ બની હતી. આદિવાસીઓમાં પરિવર્તનો ટૂંકાગાળાના નહી પરંતુ લાંબા ગાળા સુધી અસરકારક રહ્યા હતા.

આદિવાસીઓમાં સમાજ પરિવર્તનએ ગાંધીવાદી આંદોલનોને પીઠબળ ફળદ્રુપ ભૂમિ પૂરી પાડી હતી. ઉદા. તરીકે દેવી આંદોલનથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં આવેલી સામાજીક-ધાર્મિક જાગૃતિ વગેરે ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય આંદોલનમાં ઉપયોગી થઇ હતી. ગાંધીવાદી પ્રવૃત્તિઓ માટે આજ પ્રકારનું આશાસ્પદ વાતાવરણ પંચમહાલમાં ગોવિંદગુરૂ પ્રેરિત ભગત ચળવળે સર્જયુ હતું. આદિવાસી પોતીકી પ્રવૃત્તિઓ વગર આદિવાસી વિસ્તારોમાં ગાંધીવાદી પ્રવૃત્તિઓ માટે ભાવિ પુજ્યું હતું. આજ પરિવારમાં બગમ જોઈએ તો ૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં આવા તાલુકાના પાટથી શરૂ થયેલી ભગત અને મધ્યમાડી આદિવાસી પ્રવૃત્તિઓ કેવી ચળવળ ઉપરાંત ગાંધીવાદી આદિવાસી પ્રવૃતિઓમાં રોણ પૂરવાનું કાર્ય કર્યું.

સામાજીક પરિવર્તન નેતૃત્વ વિકાસ ગતિ આપે છે. સામાન્ય સંજોગો કરતા જળવળો દરમ્યાન ઉદ્ભવેલું નેતૃત્વ વિશેષ અસરકારક અને વ્યાપક સમર્થનવાળું હોય છે. ગાયકવાડી આદિવાસી પ્રવૃત્તિઓ, ગોવિંદગુરુની ભગત ચળવળ,ગાંપીયાદી આદિવાસી પ્રવૃતિઓમાંથી કુશળ આદિવાસી નેતૃત્વ બહાર આવ્યું હતું. ગાયકવાડી આદિવાસી પ્રવૃત્તિઓ અને ગાંધીવાદી આદિવાસી પ્રવૃતિઓ બાહ્ય પરિબળોથી પ્રેરિત કોવા છતાં તેમાંથી અનેક આદિવાસી નેતાઓ નીવડી આવ્યા હતા. આઝાદીબાદ પણ તેમણે આદિવાસી સમાજને કુશળ નેતૃત્વ પ્રદાન કર્યું હતું.

૨૦મા સૈકાના ત્રીજા દાયકામા ગાંધીવાદી આદિવાસી પ્રવૃત્તિઓ આકાર પામી હતી. આ પ્રવૃત્તિઓનો પાયો પોતીકી આદિવાસી ચળવળો કે પ્રવૃતિઓ ઉપર ચક્કારો હતો. ઉદા. તરીકે ઘાટાની ભગત પરંપરા, દેવી ચળવળ, ગોવિંદગુરૂ પ્રેરિત ભગત ચળવળ વગેરે. સ્વયંભૂ આદિવાસી પ્રવૃત્તિઓએ સયાજીરાવ ગાયકવાડ અને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ માટે ફળદ્રુપ ભૂમિ તૈયાર કરવાનું કાર્ય કર્યું હતું. પરંતુ ગાંધીવાદીઓની પ્રવૃત્તિઓના મૂળીયા



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-88-august-2020/RRJ637835

જામી ચૂકયા પછી ગાંધીવાદીઓને જૂનવાણી અને પછાત લાગી હતી. દા.ત. રાનીપરજ પરિષદોમાં દેવીના ચૂલા અને અન્ય માન્યતા વગેરે પરિણામે આદિવાસી પ્રવૃત્તિઓ ગાંધીવાદી પ્રવૃત્તિઓમાં પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈ ચૂકી હતી.

ગુજરાતની આદિવાસીઓમાં સામાજીક-ધાર્મિક ઉત્થાનની પ્રવૃત્તિઓ સંપ્રદાયમાં પરિણમી હતી. ધાર્મિકતાના પાયા પર ઊભી થયેલી આદિવાસી ચળવળોએ આદિવાસી સમુહોને વિશેષ પ્રભાવિત કર્યા હતા. આ પ્રભાવિત વર્ગ આદિવાસી સુધારાવ ગાયકવાડની પ્રવૃતિઓએ મા કેદીઓને કિર્તી લોકતા. આજે પણે પીવાદીઓની પ્રકૃતિનો નાતન હિંદુ યુનિ પ્રભાવમાં ચાલતી હતી સુધરેલા આદિવાલોનો તેમના મૂળ સાથેનો સબધ ધીમેધીમે કપાતો ગયો. આદિવાસીઓની બોલીઓ, નૃત્યો, રીસાવાનો ખાતમો બોલાવી દીધો. કોષો જેવા બહુ જૂજ કળી આદિવાસીઓના અસલી રીતિ રિવાજો જાળવી રાખી તેમાં સુપાચ પ્રવૃતિઓ કરવા માંગતા હતા. આજના આદિવાસી કર્મશીલો વાસી સંસ્કૃતિ ધીરેધીરે ખતમ થઈ હોવાની સતત ચિંતા સેવે છે. આ પ્રક્રિયા આદિવાસીઓ ખ્રિસ્તી મિશનો, હિંદુ પ્રવૃતિઓ અને બ્રિટીશ શાસનના સંપર્કમાં આવ્યા ત્યારથી જ થઈ હતી.

આદિવાસીઓમાં પરિવર્તન તેમની પ્રારૂપ સમસ્યાઓના નિવારણ માટે શરૂ થઇ હતી. દારૂનું દૂષણ, વેઠપ્રથાથી પીસાતા આદિવાસીઓ, અનેક સામાજીક-ધાર્મિક કુરીવાજો, શાહુકારી શોષણ જેવા અનેક મુદાઓ પર ગોવિંદગુરૂ, સહાજીરાવ ગાયકવાડ, મહાત્મા ગાંધી, ઠક્કરબાપા, જુગતરામ દવે જેવાં નેતાઓને પ્રયત્નો કર્યા હતા. ગાંધીવાદીઓ એ તો આદિવાસીઓની સમસ્યાઓને સ્વાતંત્ર્ય આંદોલન સાથે સાંકળી હતી. પરંતુ તેમાંની અનેક સમસ્યાઓ આઝાદી બાદ પણ ચગાવત હતી. દા.ત. આદિવાસીઓમાં પ્રચલિત મદ્યપાન, શાહુકારી શોષા, જંગલના હક્કો,શિક્ષણ ટૂંકમાં આઝાદી પછી પણ આદિવાસીઓની સમસ્યાઓનું નિવારણ થયું ન હતું. ગાંધીવાદી પ્રવૃતિઓ, ગોવિંદગુરૂના ભગત સંપ્રદાય જેવી આઝાદો પહેલાંની પ્રવૃત્તિઓ અને આઝાદી પછી અનેક સાંપ્રદાયિક અને સરકારી પ્રવૃત્તિઓ આદિવાસીઓમાં કાર્યરત હોવા છતાં તેમની મૂળભૂત સમસ્યાઓની તીવ્રતામાં વિશેષ તબદીલી આવી ન હતી. આજે પણ ખાદિવાસીઓ તેમના પ્રાકૃતિક અધિકારોની પ્રાપ્તિ માટે લડી જ રહ્યાં છે ને ? ગુજરાતના આદિવાસીઓમાં સામાજિક પરિવર્તનો ડાંગ, વલસાડ, પંચમહાલ તથા સાબરકાંઠા જિલ્લાઓમાં થયા હતા, તેમાં ચૌધરી, ભીલ, ડીજા આદિવાસીઓ મુખ્ય કલા, સામો, ચેતના, રાજદ્રીય જાગૃતિ જેવો અનેક તત્વો પણ તેમાં વધુ થયા હતા. તેઓ આદિવાસીઓમાં તેમનો દરજ્જો સુધારીરાયા હતા. જેણે લાંબા ગાળે આદિવાસીઓમાં સામાજિક સ્તરીકરણની પ્રક્રિયાને વેગ આપ્યો હતો. ગુજરાતમાં આદિવાસી નેતૃત્વની કમાન બળ મુખ્યત્વે તેઓના હાથમાં જ હતી. બીજી તરફ ગુજરાતના બીજા અનેક આદિવાસી સમુદાયો અને વિકાસવાદી પ્રવૃત્તિઓથી વંચિત રહ્યા હતા. ટૂંકમાં આદિવાસીઓમાં સામાજિક પરિવર્તનોથી સમાજ નિર્માણની પ્રક્રિયાનો પ્રારંભ થયો પરંતુ આદિવાસી સમૂહમાં સમાન વિકાસની વાત સિદ્ધ ન થઈ શકી. ટૂંકમાં ૧૯૨૦થી ૧૯૪૭ કે જે ભારતના ઇતિહાસમાં ગાંધીયુગ તરીકે ઓળખાય છે તે દરમિયાન ગુજરાતના આદિવાસીઓમાં અનેકવિધ સામાજિક પરિવર્તનો નોંધાયા હતા. જેનાથી ગુજરાતનો આદિવાસી સમાજ વિકાસના પંથે મૂકાયો હતો.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-88-august-2020/RRJ637835

## સંદર્ભસૂચિ

### ગુજરાતી પુસ્તકો

1. ઉપાધ્યાય ચંદ્રકાન્ત, આદિવાસી પરંપરા અને પરિવર્તન, અમદાવાદ.
2. કાલેલકર કાકાસાહેબ, જીવન સંસ્કૃતિ (સામાજિક અને સંસ્કૃતિ વિષયક લેખો), અમદાવાદ
3. ગૌતમ રમેશનાથ, વડોદરા, રાજ્યની સામાજીક પ્રવૃતિઓ, વૌઠા, ૧૯૪૧
4. ગાંધી એમ.કે., રચનાત્મક કાર્યક્રમ, તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ.
5. ચિત્તળે દત્તાત્રેય, ડાંગ એક સમયિક દર્શન, આહવા, ૧૯૭૮
6. ચૌધરી કાનજીભાઈ જ., ગાંધી સવાસો, વ્યારા, ૧૯૯૫.
7. જોષી જયાનંદ, રાજ્યના આદિવાસી છેલીયા, નવસારી, ૧૯૮૫
8. જોષી વિદ્યુત, આશ્રમશાળાઓ એક અધ્યયન, સુરત, ૧૯૮૦,
9. તડવી શંકરભાઈ, પાલના રાઠવા, પાવી જેતપુર, ૧૯૭૪
10. ત્રિવેદી નવલરામ જગન્નાથ, સમાજસુધારણાનું રેખાદર્શન, અમદાવાદ, 1608
11. દવે જુગતરામ, ખાદીભક્ત ચુનીભાઈ, અમદાવાદ, ૧૯૬૬
12. દેસાઈ આઈ.પી., વેડછી આંદોલન, સુરત, ૧૯૮૨
13. દેસાઈ ઈશ્વરલાલ ઈ., રાનીપરજમાં જાગૃતિ, સુરત, ૧૯૭૧
14. દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ, ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ, અમદાવાદ, ૧૮૯૯.
15. દેસાઈ નારાયણ, વેડછીનો વડલો, વ્યારા, ૧૯૬૮,
16. હાર્ડીમેન ડેવીડ, દેવી આંદોલન (અનુ.શાંતિભાઈ મેરાઈ) સુરત, ૧૯૮૫



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-88-august-2020/RRJ637835